

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આજના પતિમાં હવે સત્યવાન રહ્યો નથી,*
*સાવિત્રીઓ પણ છે 'મી-ટુ' આચાર રહ્યા નથી.*
*રહ્યો નથી ઉમંગ સાતભવના સંગાથનો -*
*થાક્યાં છે બંને જીવનથી, ને રસ રહ્યો નથી...*

### હાઈકુ

*કરે છે કોણ!*
*બીજા માટે પ્રાર્થના -*
*સૌ સ્વાર્થી જીવો !*

*વડને પણ -*
*હવે લે છે 'આંટી'માં*
*સતી સાવિત્રી...*

### ચિંતન

*વિજ્ઞાતબ્રહ્મતત્વસ્ય યથાપૂર્વં ન સંસૃતિઃ ।*
*અસ્તિ ચેન્ન વિજ્ઞાતબ્રહ્મભાવો બહિર્મુખઃ ॥*

બ્રહ્મત્વને સારી રીતે જાણનારને સંસાર પ્રત્યે પહેલાંની જેમ અભિગમ રહેતો નથી. જો પહેલાંની જેમ જ એસંસારાભિમુખ બની રહે તો એ બર્હિમુખ છે, એણે બ્રહ્મતત્વને જાણ્યું નથી.

બ્રહ્મ તત્વને જાણ્યા પછી દેહ-શરીર-જીવને વળગેલી માયાનો અંત આવે છે. દેહ - આત્મા અને પરમાત્મા (બ્રહ્મ) નો ભેદ-સમજ-ઓળખ થતાં એને 'મુક્ત' કહેવાય છે પછી એ જીવને ભૌતિક સુખ કે કોઈ પણ પ્રકારની 'વાસના' - ઈચ્છા જ રહેતી નથી. આમ છતાં મોહ-માયા ગઈ ન હોય. એવા સાધુ-બાવાએ સંસાર છોડ્યા છતાં 'મુક્ત' થયા નથી એમ સમજી લેવું.

### સુવિચાર

- આસક્તિ વગરનો પ્રેમ, એનું નામ કરુણા - **મોરારિ બાપુ**
- ઈચ્છિત જીવનનો પ્રારંભ આપણી જાતનો સામનો કરવાથી થાય છે - **રાજુ અંધારિયા**
- હે પ્રભુ ! અમને નિષેધથી બચાવો, દુ:ખથી નહીં, અમને અગતિથી બચાવો, અસફળતાથી નહીં, અમને અશુભથી બચાવો, આપકિર્તીથી નહીં - **મકરંદ દવે**
- કંઈ મેળવવું છે તે પરિશ્રમની ગાથા.... નિરાશ ન થા છે પ્રયત્નોમાં સફળતા... - **મુંબઈ સમાચાર**
- 'અંતર' એટલે માત્ર પગલું ઉપાડ્યા પહેલાની પળ! - **ખલિલ જિબ્રાન**
- આપણી બાબતમાં આપણા પોતાના વિચારો કરતા આપણા વિરોધીઓના વિચારો સત્યની વધારે નિકટ હોય છે - **રશ ધ્યુરાં**
- આજનું ઔષધ : મરીનો પાઉડર દેશી ગોળમાં મિક્સ કરી નાની ગોળી બનાવી દર ત્રણ કલાકે એક ગોળી ખાવાથી ખાંસી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઉનાળાના બપોરે સખત ગરમીમાં ઝાડ નીચે એક આદિવાસી આરામથી સુઈ ગયો હતો. સૂરજ ધીમે ધીમે પશ્ચિમ તરફ જતો હતો. એટલે ઝાડની શીતળ છાયા ઉંઘતા આદિવાસીથી દૂર જવા લાગી હતી. તેના પર તડકો આવવાની તૈયારીમાં હતો. ઝાડ પર બેઠેલા હંસે આ જોયું. તડકો પેલા સુનારા આદિવાસી ઉપર પડશે તો તે જાગી જશે એવું વિચારી હંસે પોતાની પાંખો ફેલાવીને પેલા ઊંઘતા આદિવાસી પર છાંયો કયો.

બીજી ડાળ ઉપર બેઠેલા કાગડાને આ ગમ્યું નહીં. એટલે તેણે મુસાફરના મોઢા પર વિષ્ઠા કરી. અને તરત જ ત્યાંથી ઊડી ગયો. આદિવાસી ઊંઘમાંથી જાગી ગયો. ઉપર જોયું તો હંસ હતો. તેને થયું કે આ હંસે જ મારા ઉપર વિષ્ટા કરી છે અને ઊંઘમાંથી ઉઠાડ્યો છે. તે ખૂબ ગુસ્સે થયો અને તેણે તીરકામઠાથી હંસને વીંધી નાખ્યો. આ છે સ્વભાવનું પરિણામ, આપણે સ્વભાવથી મજબૂર છીએ. કાગડાએ અસંતુષ્ટ સ્વભાવ બતાવ્યો, હંસે દયા ભાવના, સહિષ્ણુતાનો સ્વભાવ બતાવ્યો અને આદિવાસીએ અણસમજુ અને ઉતાવળ ભરેલો સ્વભાવ બતાવીને સંત જેવા સ્વભાવના હંસને મારી નાખ્યો.

સૌ પોતાના સ્વભાવને આધીન છે, મજબૂર છે.

# ડૉકટરોનો વિરોધ વાજબી, હડતાલ નહીં

**તંત્રીસ્થાનેથી...**

પશ્ચિમ બંગાળમાં કેટલાક ડૉકટરો સાથે થયેલ દુર્વ્યવહારની પ્રતિક્રિયા રૂપે શરૂ થયેલ હડતાલ દેશવ્યાપી બની રહી છે. મમતા બેનરજીએ સમાધાન કરવાની તૈયારી દાખવી તો પણ કેટલાક ડૉકટરો એમની હઠ પર અડગ છે. આ પરિસ્થિતિ વધુ વકરે તો એનાં કેવાં માઠાં પરિણામો ભોગવવા પડે તે વિચારવા જેવું છે. લોકશાહીમાં દરેકને પોતાની સાથે થયેલ અન્યાયનો પ્રતિકાર કરવાનો વાજબી અધિકાર છે, પરંતુ એ પ્રતિકાર ન્યાયપુરઃસર હોવો ઘટે. ડૉકટરો જીવનરક્ષણ અને દર્દ શમન સાથે જોડાયેલો સમુદાય છે. માનવીને કણસતો મૂકીને કે જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતા માણસને રામભરોસે મૂકીને પોતાની માગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી ફરજ નહીં બજાવવાની જીદ એ ગંભીર બાબત ગણાવી જોઈએ અને કોઈ પણ સરકારે આવી જીદ ચલાવી લેવી જોઈએ નહીં. ડૉકટરોએ સમજવું જોઈએ કે એમની ડ્યૂટી અન્ય કર્મચારીઓ કરતાં જુદી જાતની છે. એ કોઈ મહેસૂલી અધિકારીઓ નથી કે નથી એ શિક્ષણ સંસ્થાના કર્મચારી. આવા કર્મચારીઓ એમનું કામકાજ અઠવાડિયું બંધ રાખે તો એથી ઝાઝું નુકશાન નહીં થાય. પરંતુ ડૉકટરની હાજરી વગર તો એક કલાક પણ ગંભીર દર્દી માટે કાઢવો આકરો પડી જાય. સરકારી હોસ્પિટલો પ્રત્યે આમેય ઉચ્ચ આવક ધરાવતા સમુદાયમાં તો નકારાત્મક અભિપ્રાય જ પ્રવર્તે છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સામાન્ય કે મધ્યમવર્ગના દર્દીઓ જ સારવાર લેવાનું પસંદ કરે છે. એ જુદી વાત છે કે ખાનગી દવાખાના ચલાવતા ડૉકટરો જ્યારે દર્દી છેલ્લા સ્ટેજમાં પહોંચી જાય છે ત્યારે એને આવી સરકારી હોસ્પિટલોમાં જ ધકેલતા હોય છે. વીઆઈપી ગણાતા ઉચ્ચ પદાધિકારીઓ અને સરકારી અધિકારીઓ માટે અલગ વ્યવસ્થા રખાતી હોવા છતાં એ સમુદાય પણ નવી શરૂ થયેલી પંચતારક હોસ્પિટલોમાં જ સારવાર લેવાનું પસંદ કરે છે. સરકારે એવી હોસ્પિટલોને પણ સારવારનો ખર્ચ રિએમ્બર્સ કરવા માટે માન્યતા આપી પોતાની વીઆઈપી વર્ગને અનુકૂળતા કરી આપી છે. આથી જ્યારે માત્ર જેની પાસે ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવવાની પહોંચ નથી એવા ગરીબ લોકો જ સરકારી હોસ્પિટલોનો આશ્રય લેતા હોય ત્યારે સરકારી ડૉકટરો સરકાર સામેના વિરોધનો ભોગ તો આવી ગરીબ અને નિર્દોષ પ્રજાને જ બનાવે છે. સરકાર સાથેની લડાઈ એમણે ન્યાયની અદાલતમાં લડી લેવી જોઈએ. વળી કોઈ દર્દીએ કે એનાં સગાવહાલાંએ મારપીટ કે દુર્વ્યવહાર કર્યો હોય તો એનો ઉકેલ પણ આવી છેલ્લા પાટલાની અમાનવીય પદ્ધતિથી નહીં બલકે ન્યાયિક પ્રક્રિયા મારફત અથવા સામાજિક સમાધાન દ્વારા આણવો જોઈએ. હડતાલ પાડીને તો પાડાને વાંકે પખાલીને ડામ જેવી અભદ્ર સ્થિતિ સરજાતી હોય છે. આજકાલ બિહારમાં મગજના તાવનો વાવર છે જેમાં સેંકડો બાળકો હોમાઈ રહ્યા છે. આવા કેસ ખાનગી ડૉકટરો તો પોતાની પ્રતિષ્ઠા જોખમાવાની બીકે સીધા જ સરકારી હોસ્પિટલોને હવાલે કરતા હોય છે. ધારો કે બંગાળના ડૉકટરોની ભાઈબંધીના નામે બિહારી ડૉકટરો હડતાલ પર ઊતરી જાય તો એવાં બાળકોની શી વલે થશે ? દેશભરમાં મેડિકલ બંધુત્વની લહેર છે, બધા ડૉકટરો બંગાળના ડૉકટરો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોય તો એમાં કશું ખોટું પણ નથી. પરંતુ વિરોધ તો મોઢા પર કાળી પટ્ટી લગાવીને પણ કરી શકાય. સરકારે ડૉકટરોની હડતાલને દાદ નહીં આપવી જોઈએ અને આવી ધમકી આપતા ડૉકટરોને તત્કાળ ડિસમિસ કરી એમને સજા કરવી જોઈએ.

# નિષ્ફળતાઓએ મને લડતા શીખવ્યું... : યુવરાજસિંઘ



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'બીલીવ ઈન યોર સેલ્ફ'

'નિષ્ફળતાઓએ મને લડતા શીખવ્યું.'

'ક્રિકેટ મને મારી લાઈફમાં બધ્ધું જ આપ્યું છે.'

'ઈટ વોઝ જસ્ટ લાઈફ ટર્નિંગ ધ સ્કાય એન્ડ ફોલિંગ ડાઉન વ્હેન આઈ વોઝ પીક ઓન માય કેરીયર...'

ભારતીય ક્રિકેટ ટીમના એટેકીંગ અને મેચ વીનીંગ ક્રિકેટર યુવરાજ સિંઘના આ શબ્દો હતા, જ્યારે મુંબઈમાં તેણે ૧૭ વર્ષની તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની કારકિર્દીની નિવૃત્તિની જાહેરાત કરી. યુવરાજે એના માતા-પિતાથી લઈને ગ્રાઉન્ડ સ્ટાફ સુધીના મોટા-નાના તમામનો આભાર માની કહ્યું કે, 'લાઈફમાં સબકુછ નહિ મીલતા, સફળતા ઔર ઓપોર્ચ્યુનીટી દોનો નહિ મીલ રહે થે, કન્ફ્યુઝ થા... માય લાઈફ વોઝ લાઈક રોલર કોસ્ટર...'

૩૦૪ વન-ડે માં ૧૪ સદી સાથે ૮૭૦૧ રન, ટી-૨૦ માં ૫૮ મેચમાં ૧૧૭૭ રન સહિત બોલીંગ - ફિલ્ડીંગમાં ઉત્કૃષ્ઠ પ્રદાન કરનાર આ ખેલાડીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ સાથે એક યુગનો અંત આવ્યો.

લોકો પુછે કે તમે ક્યારેય રિયાટર થાવ છો ? એ પહેલા તમારે રિટાયર થવું જોઈએ... આ વાક્યમાં સમાયેલી યથાર્થતાને યુવરાજે સાર્થક કરી છે. ક્રિકેટના મેદાન પર અને કેન્સર જેવા રોગ સામે એ સતત લડતો રહ્યો વિજેતા થયો...

ચંદીગઢની સ્કૂલમાં ભણતા ભણતા ક્રિકેટર બનવાના સપના જોયા અને વિશ્વ વિખ્યાત ક્રિકેટર બન્યો યુવરાજ... ૨૦૦૨ની નેટવેસ્ટ સિરીઝની ઈંગ્લેન્ડ સામે રમાયેલી ફાઈનલમાં ૬૩ બોલમાં બનાવેલા ૬૯ રન, ૨૦૦૧ અને ટી-૨૦ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ લીગ મેચમાં ૧૬ બોલમાં ૫૮ રન અને એમાંય બ્રોડની એક ઓવરમાં ૬ બોલમાં ૬ છગ્ગા !!! એ પછી ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં પણ ૩૦ બોલમાં ૭૦ રન !!! ૨૦૧૧ના વર્લ્ડકપમાં ભારત વિશ્વ વિજેતા થયું એમાં એનું મહત્વપૂર્ણ પ્રધાન થયું એ યાદ કરાવવું જરૂરી છે.

એ પછી કેન્સર થયું તો આ રોગની સારવાર પણ શ્રેષ્ઠ લીધી. માતાના વાત્સલ્ય અને પ્રિયજનો તથા શુભેચ્છકોના પ્રેમથી એ સાજો થયો ફરી મેદાન પર આવ્યો. આઈપીએલ રમ્યો... સ્વાભાવિક છે પહેલા જેવું તાકતવર પ્રદર્શન ના કરી શક્યો પણ એણે જે આત્મવિશ્વાસ બતાવ્યો એ કાબિલેદાદ હતો. એ આત્મવિશ્વાસ દ્વારા જ એણે રમતના મેદાન પર અને કેન્સરના રોગ સામે વિજય મેળવ્યો અને યોગ્ય સમયે રિટાયર પણ થયો.

આવી જ સ્ટોરી મલેશિયાના દિગ્ગજ બેડમિન્ટન ખેલાડી લી ચોંગ વેઈ ની છે. ૩૪૮ સપ્તાહ સુધી તે વિશ્વનો નંબર વન શલટર રહ્યો હતો. સતત ૧૯ વર્ષ બેડમિન્ટન રમ્યો હતો. સૌથી ઝડપી સ્મેશનો રેકોર્ડ પણ તેના નામે છે. ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૬ ની સળંગ ત્રણ ઓલમ્પિકસમાં તે ફાઈનલ સુધી પહોંચ્યો હતો... ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૫ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પણ ફાઈનલમાં પહોંચ્યો હતો... ૬૯ ટાઈટલ કુલ મળીને જીત્યો પણ ઓપિમ્પિક કે વર્લ્ડકપ જીતી ના શક્યો... આ ખેલાડીએ તારીખ ૧૩ જુલ ૨૦૧૯ના રોજ નિવૃત્તિ જાહેર કરી ત્યારે તે રડી પડ્યો હતો.... યુવરાજ અને લી ચોંગ વેઈમાં સામ્યતા એ હતી કે તેને પણ કેન્સરનો રોગ લાગુ પડ્યો હતો. ગયા વર્ષે તેને નાકનું પ્રથમ તબક્કાનું કેન્સર નિદાન થયું હતું. નિવૃત્તિની જાહેરાત કરતી વખતે તે રડી પડ્યો અને તબિયતના કારણે વહેલા નિવૃત્ત થવું પડ્યું છે એમ કહ્યું હતું. વેઈએ પોતના કાર્યકાળમાં ઉત્સાહ વધારનારા પોતાના દેશવાસીઓનો આભાર માન્યો હતો... એણે કહ્યું કે મારે ટોકીયો ઓલિમ્પિક બાદ નિવૃત્તિ લેવી હતી પણ આજે નિવૃત્ત થાઉં છું...

સમયને પારખીને નિવૃત્તિનો નિર્ણય લેનારા આ બંને ખેલાડીઓએ એમના રમતગમતના સક્રિય વર્ષો દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરીને વૈશ્વિક નામના મેળવી છે.

કેન્સર જેવી બિમારી સામે યોગ્ય અને સમયસરની શ્રેષ્ઠ સારવાર પામેલા, એ પછી મેદાન પર રમેલા આવા ખેલાડીઓને ઈશ્વર વિશેષ રૂપે અંદરની તાકાત, આત્મવિશ્વાસ, મજબૂત મનોબળ, દીર્ઘદષ્ટિ, કોઠાસુઝ અને નિર્ણયશક્તિ આપતો હોય છે પરિણામે તેઓ ક્યારેય શરીરથી કે મનથી હારતા નથી. પોતાની જાતને આપેલું વચન - કમિટમેન્ટ તેઓ સમગ્ર કારકિર્દી દરમિયાન પાળતા આવ્યા છે એટલે સતત ટોચ પર રહ્યા છે, સફળ રહ્યા છે.

કોઈ અગમ્ય શક્તિ આવા ખેલાડીઓને ચમત્કારિક પરફોર્મન્સ કરવા સતત પ્રેરે છે, જેના બલબુતા પર આ ખેલાડીઓ અનબીલીવેબલ પરફોર્મન્સ આપે છે. જે અકલ્પનીય હોય છે.

શારીરિક રોગની મર્યાદાને વખોટીને - એની સામેના જંગમાં પ્રેમ - પ્રાર્થના - પુરુષાર્થ અને પોઝીટીવીટી સાથે જ્યારે માણસ જોડાય છે ત્યારે આવી સફળતાના દીવડા પ્રગટતા હોય છે અને એમાંથી આત્મવિશ્વાસના અજવાળા રેલાયા હોય છે.

# પા પા પગલી છે, તે કીધી ઝાલીને મારો હાથ

**વ્હાલનો દરિયો છે તું**
**તું છલકતો જાય છે**
**લાગણી ઘેરાય છે ને**
**તું વરસતો જાય છે**
**તૂટીને હું વીખરાઉં પણ**
**સપનાઓ તારા તૂટે નહિ**
**મારા શ્વાસ છૂટી જાય પણ**
**કદી સ્મિત તારું છૂટે નહિ**
**પા પા પગલી, તે કીધી**
**ઝાલી ને મારો હાથ**
**જીવની ઢગલી, મેં આખી**
**રાખી છે તારે કાજ**
**મારા વાલમ, મારા વ્હાલ**
**તારું ચાલવું, તારું બોલવું**
**કાલુ ને ઘેલું યાદ છે**
**મારી આંખમાં**
**તારા બાળપણના**
**સેંકડો વરસાદ છે,**
**તારી હર ખુશીને,**
**સાચવીને મનમાં રાખી છે હજી**
**મારી જિંદગી આખી ગણી,**
**બસ તુ જ પુંજી છે ખરી**
**પા પા પગલી, તે કીધી**
**ઝાલીને મારો હાથ...**

**- નિરેન ભટ્ટ (ચાલ જીવી લઈએ)**

સોનુ નિગમના કરિશ્માઈ અવાજમાં ગવાયેલું આ 'ચાલ જીવી લઈએ' ફિલ્મનું ગીત - સચિન-જીગર દ્વારા સંગીત અપાયું છે. તેવું આ હૃદયના તાર ઝણઝણાવી દેતું ગીત, દરેક પિતાનું પોતાના સંતાન માટે ગવાયેલ રાષ્ટ્રગાન જેવું છે, અને ગીતના શબ્દો અને ભાવ જ એવો વિશુદ્ધ છે કે, આપણને સોનુ નિગમ આટલું સરસ ગુજરાતી ગીત માત્ર હૃદયથી જ ગાઈ શકે તે અનુભવ્યા વગર ન લાગે... કારણ કે ગત 'ગ્રીષ્મોત્સવ' માં સોનુ નિગમને આપણા ગાંધીનગરાઓની ફરમાઈશ પર તરત જ કોઈ બીજી તૈયારી વગર ગાતા સાંભળીને લાગે કે પિતાની સંતાન પ્રત્યેની લાગણીને ભાષાના કોઈ સીમાડા નડતા નથી. બાપ તો બાપ જ હોય છે.

પિતા શબ્દ 'પા રક્ષણે' ધાતુમાંથી બન્યો છે, પતિ રક્ષતિ અપત્યં યઃ સઃ પિતા, - સંતાનનું રક્ષણ કરે છે તે પિતા.

માતાના ગુણગાન ગાવામાં સાહિત્યકારોએ અને કવિઓએ પિતાને અન્યાય કર્યો છે. માતાના પ્રેમ અને મમતા વર્ણવવામાં અનાયાસે પિતાને ઓછું મહત્ત્વ અપાયું છે. ગરીબ હોય કે તવંગર પિતા સાઈકલ ચલાવવાનું શીખવવાથી માંડીને જીવનના કપરા સંગ્રામમાં મોરચો કેમ સંભાળવો - જેવા ગમે તે ક્ષેત્રમાં અગ્રેસર હોય છે. પિતા ઘરની છત અને દિવાલ છે. આખી જિંદગી પોતાના પરિવારની જવાબદારીના વહાણને હંકારીને અનેક તોફાનો વચ્ચે તેને ટકાવી રાખવાનું કપરું કાર્ય બાપા જ કરતા રહે છે.

પોતાની મહત્ત્વાકાંક્ષાઓ, ઈચ્છાઓ બધું માળીએ ચડાવીને સંતાનના સપના પૂરા કરવા માટે જિંદગી હોડમાં લગાવી દેતા પિતા હંમેશા અબોલ રહે છે, મોકળાશથી બાળકોને પ્રેમ દર્શાવવાની આવડત કદાચ તે સહનશક્તિના પહાડ સમા પિતામાં નહીં હોય પરંતુ, રાત્રે તે જ સંતાનને ઓઢવાનું સરખું ઓઢાડીને અને સંતાનોની વણકહી ફરમાઈશોને પૂરી કરવાનું જીન એ આપણા પિતા જ હોય છે.

ગુરુ અને મોટાભાઈ પણ પિતા સ્થાને જ આવે છે, જેને મોટાભાઈની પિતા જેવી શીતળ છાયા મળી હશે, તે જ આ પરમ સુખને સમજી શકે છે... આ સંબંધ માત્ર ડીએનએના કારણે પિતૃત્વનો નથી હોતો પરંતુ લાગણી અને આત્મીયતાને લીધે આપણી પુત્રવત્ કે પુત્રીવત્ સંભાળ રાખવા મોટાભાઈના પિતૃત્વની તોલે કોઈ ન આવે.

પોતે કાણાવાળા ગંજી સાથે જતુ કરીને દિવસો કાઢશે, પરંતુ સંતાનોને તો બ્રાન્ડેડ કપડામાં જરાય ઊણપ નહીં આવવા દે. સંતાનને સ્ટાઈલીશ બાઈક અને મોંઘાદાટ સ્માર્ટફોન અપાવનારા પિતા પોતે તો લેમ્બ્રેટા કે લ્યૂનામાં આંટા મારતા કે સાદો મોબાઈલ જ વાપરતા હોય છે.



વિચારયાત્રા
ડો. જય ઓઝા

સંતાનોની કારમી નિષ્ફળતા વખતે પણ એ જ પિતા 'સ્ટોલવર્ટ'ની જેમ ઊભા રહે છે... 'કંઈ વાંધો નહીં' કહીને હિંમત આપીને આપણો ક્ષોભ ઓછો કરવાના પ્રયત્નમાં રચ્યાપચ્યા રહે છે. સંતાનોની સાવ ખોટી વાતમાં બહાર ક્યાંક ઝઘડો થઈ ગયો હોય તો પણ સંતાનની ખોટી વાતનો પણ પક્ષ લઈને આખી દુનિયા સામે બાથ ભીડવા તૈયાર થઈ જતો આપણો એ સેનાપતિ સુપરહીરો રહે છે, પરંતુ પછી ઘણી વાર જાણે અજાણે ક્યારેક એ અબોલ પિતાની મૂંગી વેદના આપણને નજરઅંદાજ કરતા જઈએ છીએ.

'પપ્પા, તમને નહીં સમજાય !'ની માળા જપતા ટીનએજરીયા સંતાન આપણને એક કહેતા અગિયાર જોવા મળે છે. પિતા અને સંતાન વચ્ચે 'જનરેશન ગેપ'નાં બહાને ઘણી ઝોલ ચાલે છે, પિતાનો અબોલ સ્વભાવ અને સંતાનની અણસમજ આ ગેરસમજનું મૂળ કારણ છે.

નાનપણમાં જેના ખભે બેસીને આખી દુનિયા જોઈ, તે પિતાના માથે બેસી તબલા વગાડવામાં છોછ ન અનુભવતા 'પિતકૃપા' નામભિધાન કરેલા મકાનમાં રહેતા સંતાનો વરસના વચલા દિવસે 'ફાધર્સ ડે' પર ફેસબુક પોસ્ટ મૂકીને મોંઘુદાટ 'આર્ચીઝ' નું 'બેસ્ટ ફાધર' નું કાર્ડ આપતા નજરે ચડે ત્યારે ચીડ ચડતી હોય છે.

સંતાન જ્યારે પિતાને જરૂરિયાત પુરી કરવાના એટીએમથી વધુ કશું નથી સમજતાં ત્યારે તે સંતાન નહીં વારસદાર બની જાય છે. ભૂલ ન થતી હોય તો કદાચ 'શ્રી વજુ કોટક' નું એક અવતરણ યાદ આવે છે કે - 'અમીરોને સંતાનો નથી હોતા વારસદારો હોય છે.' આવા સંતાન પિતાની આમાન્યા જાળવતા નજરે તો ચડે છે, પરંતુ પિતાના બેંક બેલેન્સ અને પ્રોપર્ટી જોઈને તેમની સ્નેહની પરિભાષા નક્કી થતી હોય છે.

સંતાનના માથે હાથ ફેરવતા પિતા પોતાના દરેક સ્વપ્ન પુત્ર કે પુત્રીના સ્વપ્નરૂપી યજ્ઞમાં આહૂતિ રૂપે અર્પણ કરતો રહેતો હોય છે.

આપણે વ્યવસ્થા જ એવી બનાવી દીધી છે કે, સાઠ વર્ષ સુધીમાં માતાપિતા સંતાનોને પરણાવી દઈને ઘર વસાવી દઈને સેટ કરી દે છે, પછી જ્યારે સાચા અર્થમાં નોકરી-ધંધામાંથી મુક્તિનો આનંદ માણવાનો હોય ત્યારે ફરજિયાતપણે પૌત્ર-પૌત્રીઓને રમાડવા, દેવદર્શન કરવા જેવી બીબાઢાળ પ્રવૃત્તિઓ જ બાકી રહે છે... અને આ બધી વ્યવસ્થામાં પણ માતા તો ખૂબ ઝડપથી અનુકૂલન સાધી લે છે, પરંતુ પિતા કે જે હવે માંડ મુક્તિનો આનંદ લેવા ઈચ્છતો હોય તે કોચવાતો રહે છે, જે - જે સ્વપ્ન કે જે - જે ઈચ્છાઓ તે પિતાએ સંતાનના ઉછેરમાં અભરાઈ પર ચડાવી દીધી હોય, તે વણકહી બાવા ઝાળા લાગી ગયેલી ઈચ્છાઓને જો સંતાન અભરાઈ પરથી ઊતારીને પૂર્ણ કરવાનો પ્રયત્ન માત્ર પણ કરે ને ! તો સમજવું કે 'ફાધર્સ ડે' રોજે રોજ ઊજવાઈ રહ્યો છે.

jayuoza@gmail.com
Mo.9898046488

# 'પોઝિટિવ મેન'ની પોઝિટિવિટીની દિલચસ્પ કહાની...

**યાદ છે ? તારે શું થવાનું છે ? ભીત તોડીને ઊગવાનું છે**
**ફક્ત આંખો સુધી જવાનું છે ? કે પછી એમાં ડૂબવાનું છે ?**
**- જિગર જોષી 'પ્રેમ'**

વ્યક્તિ જ્યારે કશું પણ નવી બાબત અમલમાં મૂકવા માટે વિચારે છે ત્યારે એનો આરંભ વ્યક્તિએ પોતાની રીતે જ કરવો પડતો હોય છે. નવું શોધીને મૂકવાની આ યાત્રાની પ્રાથમિક શરત જ પોતાના મનને બિલકુલ ખાલી કરી બીજાની વાત ગ્રહણ કરવા સજ્જ થવાનું હોય છે. માન્યતાઓના આવરણો અને અનુમાનોથી ભરેલા કોથળા આઘા કરવા એટલા આસાન નથી. પણ એ કરવા પડે તો જ નવુ વિચાર અજવાળું પ્રવેશ પામી શકે. કોઈપણ વાતના તળીયે જવું અને સારું સંશોધિત કરી એને ઉજાગર કરવાની વાત સહેલી નથી. અમદાવાદમાં કલમનો એક ઓલિયો છે. એણે મનોમન નક્કી કર્યું કે, સમાજ પાસેથી ખૂબ મેળવ્યું હવે સમાજને એ સૂત સમેત પાછું આપવું છે. નામ એનું રમેશ તન્ના. પહેલા તો એણે સોશિયલ મીડિયા નેટવર્કને બરાબર સમજવામાં સમય લીધો. પછી એણે ફેસબુક, ટ્વીટર હેન્ડલ, ઈન્સ્ટાગ્રામ વગેરે સોશિયલ મિડિયા ઉપર યુવાનોના લગાવને ધ્યાનપૂર્વક જોયો અને સમજ્યો. રમેશે મનમાં ગાંઠ વાળી કે એ ફેસબુકને એના હકારાત્મક વિચારોનું સબળ માધ્યમ બનાવશે.

રમેશના મનમાં સ્વસ્થ સમાજની એવી પરિકલ્પના હતી કે, જ્યાં આવકની અસમાનતા ન હોય, બધાને રોટી, કપડાં અને મકાન મળે, ગરીબી ક્યાંય હોય જ નહીં, શોષણ કે અત્યાચાર ન હોય, ભ્રષ્ટાચાર અને તણાવનું નામોનિશાન ન હોય, ઉંઘની ગોળી વગર બધા નિરાંતે ઉંઘી જાય વગેરે વગેરે. આવો સમાજ કંઈ રાતોરાત તો ન જ બનેને ! કોઈકે, ક્યારેક કોઈ પણ રીતે એક ડગલુ તો માંડવુ પડેને ! એણે આવા સમાજના નિર્માણ માટે પોતાનાથી જ શરૂઆત કરવાનું વિચાર્યું. નાનું પણ એક ડગલું માંડવુ એમ એણે દ્રઢ નિર્ધાર કર્યો.

૨૦૧૪માં ગુજરાતના ડાંગ જિલ્લાના પ્રવાસ દરમિયાન સુબિર ગામે શબરી માતાના મંદિરમાં દસ રૂપિયા મૂકીને બોરના પ્રસાદ લેવાની સૂચના એણે જોઈ. મંદિરમાં આજુબાજુ કોઈ પુજારી કે ચોકીદાર દેખાય નહીં. એને ખૂબ નવાઈ લાગી. આમ પણ મંદિરોમાં પ્રમાણિકતા સહજ અપેક્ષિત હોય જ. પણ આ આખી વાત રમેશને અસર કરી ગઈ. એણે ફેસબુક ઉપર આ પહેલી 'પોઝિટિવ સ્ટોરી' લખી. એનું મથાળું આપ્યું. 'આજની પોઝિટિવ સ્ટોરી' એની આ ફેસબુક પોસ્ટને જબ્બર પ્રતિસાદ સાંપડ્યો. પછી તો રમેશના મનમાં ચાલતુ હકારાતક્મકતાનું તોફાન ધમાસાણ મચાવતું ઉભરાવવા લાગ્યું. ત્યાર બાદ એણે જાણીતા ગુજરાતી અદાકાર અર્ચન ત્રિવેદીના કેન્સર સાથેના જંગને ફેસબુક ઉપર મૂક્યો. સેંકડો હજારો લોકોએ આ પોસ્ટ વાંચી. માનવામાં ન આવે એવું બન્યું




કે, ૨૮ જેટલા કેન્સરના દર્દીઓએ રમેશની આ સ્ટોરી વાંચીને ભાઈ અર્ચન પાસેથી જીવન જીવવાનું બળ મેળવ્યું. અજિત પટેલ, અનિલ રેલિયા, ભગવાનદાસ પટેલ, જે.બી. વોરા, રાજુ જોષી, નિપેશ પંડ્યા, હરીશ ઠક્કર, પ્રદીપ ત્રિવેદી, પુંજીબહેન જેવા કેટ કેટલાય લોકોની વાત એણે શબ્દે કંડારી ફેસબુક ઉપર મઢી. મજાની વાત એ પણ બની કે, એક યુવાનને કન્યા નહોતી મળતી અને ભાઈ રમેશે એની વિષે એક વાત ફેસબુક ઉપર લખી. રમેશની પોસ્ટના આધારે એક સુશીલ કન્યાના વડિલોએ આ યુવાનનો સંપર્ક કર્યો અને મેળ પડી ગયો. પેલો યુવાન તો રમેશભાઈની જાદુગરીથી રાજીનો રેડ થઈ ગયો.

સમાજના છેવાડે વસતા નાના મનાતા લોકોની મોટી વાત ભાઈ રમેશે ઉજાગર કરવાનો રીતસરનો ભેખ લીધો છે. આમ પણ રમેશને અદના વ્યક્તિઓ વિશે લખવું પહેલેથી જ ગમે. પરિશ્રમના પ્રસવેદના બિંદુઓમાંથી મોતી શોધવાનું એને ખૂબ ભાવે. માણસપણું ઉજાગર કરવાનો રમેશને અદમ્ય ઉત્સાહ. સમાજની સાચી સુગંધ લોકોના નાકમાં ભરવા એ સતત મથામણ કરતો જણ છે.

આજે સોશિયલ મિડિયાને વક્ર દ્રષ્ટિએ જોતા લોકો સામે રમેશે ફેસબુકનો હકારાત્મક ઉપયોગ કરીને નવતર દાખલો પ્રસ્થાપિત કર્યો છે. ગુજરાતના અગ્રગણ્ય અખબારોમાં ફ્રીલાન્સ કોલમ દ્વારા રમેશની કલમની પહેચાન આખા ગુજરાતને અને ગુજરાત બહાર વસતા ગુજરાતી બાંધવોને સુપેરે છે. પણ બહુ ઓછાને ખબર હશે કે, ઉત્તર ગુજરાતના નાનકડા ગામ અમરાપુરમાં પેદા થયેલા આ સાવ ગામઠી બાળકના મનમાં સમાજને બદલવાના કેવા કેવા અદભુત વિચારો આકાર લઈ રહ્યા હતા. ચાર-પાંચ ચોપડી ભણેલા પ્રભુરામ અને પ્રભાબહેનનું આ ફરજન તેની કલમને હકારાત્મકતાની તાકાત બનાવી સમાજને સુગંધીદાર બનાવવા મુઠ્ઠીઓ વાળીને રીતસર દોડી રહ્યો છે. ગામડા ગામમાં રહેતા એના માતા-પિતાને સાહિત્યનો જબરો શોખ. એતલે એમ કહેવાય કે, કદાચ શબ્દ અને સાહિત્ય એને વારસામાં મળ્યા છે. ગુજરાતી ભાષામાં પ્રાપ્ત મોટા ભાગની શ્રેષ્ઠ નવલકથાઓ રમેશે માતાને મોટેથી વાંચી સંભળાવી છે. યુવાનીમાં અમદાવાદ આવીને એણે ગૂજરાત વિદ્યાપીઠમાંથી પત્રકારત્વની અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરી. વૈચારિક રીતે ગાંધી રંગે રંગાયેલા રમેશની કલમમાં ગાંધીજીના વિચારોની મહેક સ્વાભાવિક રીતે જોવા મળે છે. અમરાપુરથી અમદાવાદની ભીડમાં આવ્યો ત્યારે એની આંખોમાં 'સમાજ માટે કંઈક કરવાની' ચમક હતી.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

રમેશની ફેસબુક પોસ્ટની 'પોઝિટિવ સ્ટોરીઝ'નું પુસ્તક પણ એક પ્રતિષ્ઠિત પબ્લિશરે પ્રકાશિત કર્યું છે. આ પુસ્તકને વાચકો દ્વારા સરસ પ્રતિસાદ સાંપડ્યો છે. આ પુસ્તકના કવરનુ લોકાર્પણ એણે લખેલી પોઝિટિવ સ્ટોરીઝ પૈકીના એક પુંજીબહેનના હાથે કરાવી નવો ચીલો ચાતરવામાં આવ્યો. એની ફેસબુક પોસ્ટને લાઈક કરનારા, કોમેન્ટ કરનારા અને શેર કરનારા હજારો મિત્રો છે. જો કે મિત્રો જ એની સાચી મુડી છે. લાગણીભીના સંવેદનશીલ સ્વભાવના કારણે નાનાથી માંડી મોટા સેંકડો હજારો એના મિત્રો દેશ વિદેશમાં છે. ટેકનોલોજીના સમન્વય દ્વારા સમાજનું સાચુ અજવાળું પેશ કરનારા આ ભેખધારી ભાથીની પત્રકારત્વની શરૂઆત પણ ન્યારી છે. એ અને એના ધર્મપત્નીએ અઢી ત્રણ દાયકા પૂર્વે એક સાપ્તાહિક શરૂ કર્યું. સંપૂર્ણ હકારાત્મકતા સાથે સંપાદીત કરેલા આ સાપ્તાહિકને વેચવા માટે આ યુગલ દર બુધવારે કાંકરિયાની પાળે એમના સાપ્તાહિક અખબારનો ઢગલો લઈને પહોંચી જતું.

અમદાવાદમાં રહેતા અને લોકોની હકારાત્મકતા ઉજાગર કરતા આ 'પોઝિટિવ મેન'ની પોઝિટિવિટીની કહાની દિલચસ્પ છે. એના લખાણમાં ક્યાંય કોઈ અતિશયોક્તિ કે ચાંપલુશી જોવા ન મળે. માત્ર ને માત્ર સત્ય હકીકતોના અજવાળાના જ દર્શન એના શબ્દે શબ્દમાં થાય. એક પ્રશ્ન સહેજે થાય કે સુખ એટલે શું ? આવો પ્રશ્ન પૂછવાનું મન કેમ થાય ? શું આપણે સુખી નથી ? આપણી સભ્યતા અને સંસ્કૃતિ, આપણી નથી ? આપણે દુ:ખને જોવાવાળા જ છીએ ? કોઈના સંઘર્ષની સુવાસ કે કોઈના પરિશ્રમની શાનદાર વાત બીજાને પ્રોત્સાહિત કરે છે એ વાતને કેમ વિસરી જવાય ? ભાઈ રમેશની કલમ દ્વારા ઝીલાતા પોઝિટિવિટીના પોકારને જોઈને સહજ પુલકીત થઈ જવાય છે.

**ધબકાર :**
**સર્જનાત્મકતાને યાંત્રિક કૌશલ્ય સાથે સરખાવી ન શકાય.**